# વેચાણની શરતો

## (વેચાણ નોટીસ ગુજરાત ગાર્ડિયન તા.૧૦/૧૨/૨૦૨૪)

(૧) સ્થાવર મિલ્કત " જયાં છે, જેમ છે અને જે છે તે સ્થિતિમાં" ના ધોરણે વેચાણ કરવામાં આવશે.

(૨) સદરહુ મિલ્કત સંબંધમાં કોઇ કોર્ટ કેસ ચાલતા હોય તો તે કોર્ટ કેસોમાં કોર્ટ જે હુકમ કરે તે મિલ્કત ખરીદનારને બંધનકર્તા રહેશે.

(૩) માંગણીદાર કોઈપણ કિંમતે માંગણી કરી શકશે પરંતુ રીઝર્વ કિંમતના ૧૦% ની રકમનો બેંકર્સ ચેક/ડ્રાફ્ટ "ધી વરાછા કો-ઓપ.બેંક લી., સુરત" ની ફેવરનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

(૪) ટેન્ડરના ફોર્મ અધિકૃત અધિકારીશ્રી, ત્રીજો માળ, રિકવરી વિભાગ "સહકાર ભવન" ૠષિકેશ ટાઉનશીપની સામે, વ્રજ ચોકની પાસે, સરથાણા જકાતનાકા, સુરત માંથી મળી શકશે.

(૫) કોઈપણ ટેન્ડર સ્વીકારવા અગર ન સ્વીકારવાનો બેંકનો અધિકાર અબાધિત રહેશે. મિલ્કત રીઝર્વ કિંમતથી નીચેની કિમતે વેચવામાં આવશે નહિ.

(૬) જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમના ૨૫% તુરત જ આપવાના રહેશે. ટેન્ડર સાથે રજુ કરેલ રીઝર્વ કિંમતના ૧૦%ને તેમાં ગણતરીમાં લેવામાં આવશે.

(૭) જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમ બેંક દ્વારા નિશ્ચિત મુદતમાં પૂરેપૂરી ભરપાઈ કરવાની રહેશે, આમ કરવામાં તે નિષ્ફળ જશે તો તેણે ભરેલી ડિપોઝીટની રકમ બેંક દ્વારા જપ્ત કરવામાં આવશે.

(૮) જેનું ટેન્ડર અસ્વીકાર્ય થશે તેને તેણે રજુ કરેલી ડિપોઝીટની રકમ કોઈપણ જાતના વ્યાજ વગર પરત કરવામાં આવશે.

(૯) સદરહુ મિલ્કત ઉપરના સમગ્ર બાકી વેરા, સરકારી તથા અર્ધસરકારી લેણાં, વિજનિગમ તેમજ ગેસ કંપનીની બાકી રકમ ભરપાઈ કરવાની જવાબદારી તથા ટાઈટલની ફાઈલમાં કોઈ દસ્તાવેજ કે કોઈ કાગળો ખુટતા હોય તો તે મેળવવાની સમગ્ર જવાબદારી ખરીદનારના શીરે રહેશે.

(૧૦) ઈન્કમટેક્ષ કાયદા મુજબ જો વેચાણ પ્રક્રિયાની રકમ રૂા.૫૦.૦૦ લાખ કે તેથી વધુ હશે તો ૧% ટીડીએસ, વેચાણ કિંમત માંથી કપાત કરી બાકીની રકમ ખરીદનારે ચુકવવાની રહેશે.

(૧૧) અધિકૃત અધિકારીની જાણ મુજબ હાલ આ મિલ્કતમાં સરકારી/અર્ધસરકારી/ટેક્ષ વિગેરે બાકી લેણાં બાબતે માહિતી નથી. ખરીદનારે આ મિલ્કતમાં જે સરકારી/અર્ધસરકારી/ટેક્ષ વિગેરે બાકી લેણાં હશે તે બાબતની તેઓએ તપાસ કરવાની રહેશે અને તે રકમ તેઓએ ભરવાની રહેશે. જેની સંપુર્ણ જવાબદારી ખરીદનારના શીરે રહેશે.